# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 64 ■ પુસ્તકઃ ૨૦૦■ અંકઃ ૨૮૮ ■ માર્ગશીર્ષ સુદ - ૫
■ વિક્રમ સંવત ૨૦૭૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 December 2021, Wednesday ■ REGD.No. MCS/058/2021-23

પરિવર્તન પરંપરા ૨૦૦ વર્ષ પ્રગતિ

બુધવાર, ૮ ડિસેમ્બર, ૨૦૨૧ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરપેલ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ઓમાઈક્રોનના દર્દીને ફરી ચેપ લાગવાની સંભાવના ત્રણગણીઃ ‘હૂ’


magic mirror
Bridal Lehenga | Art Jewellery
Shifted At:
Corner of Khar Subway, S.V. Road
Santacruz(W)-Mumbai-400054
+91-7045536337


નવી દિલ્હીઃ ઓમાઈક્રોન વૅરિયન્ટથી સંક્રમિત થયેલા દર્દીને ૯૦ દિવસ પછી ચેપ લાગવાની સંભાવના ત્રણગણી છે તેવું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ચીફ સાયનિટસ્ટે કહ્યું હતું. ‘હૂ’ના ચીફ વૈજ્ઞાનિક ડૉ. સૌમ્ય સ્વામીનાથને કહ્યું કે ‘ડેલ્ટા વૅરિયન્ટની સરખામણીમાં ઓમાઈક્રોન સંક્રમિતોમાં ૯૦ દિવસ પછી ફરી ચેપ લાગવાની સંભાવના ત્રણગણી વધુ છે. આ રોગની ગંભીરતા બાબતમાં માહિતી મેળવવા બેથી ત્રણ સપ્તાહ રાહ જોવી જરૂરી છે. કેસની સંખ્યામાં વધારો અને હૉસ્પિટલમાં દર્દીઓના દાખલ થવા વચ્ચે ગાળો છે. આથી તારણ પર પહોંચવા અંગે રાહ જોવી જરૂરી છે.

દક્ષિણ આફ્રિકામાં કેસ ઝડપથી વધી રહ્યા છે. તે દેશમાં વધુ બાળકો સંક્રમિત

(જુઓ પાનું ૨) ▶▶

## ઓમાઈક્રોનમાંથી સાજો થયેલો ડૉક્ટર ફરી કોરોના પૉઝિટિવ


જૂના સોના-ચાંદીના દાગીના શ્રેષ્ઠ ભાવે ખરીદ કરવામાં આવશે
૨૨ કેરેટ/૧૮ કેરેટ એક્સક્લ્યુસીવ હોલમાર્કડ જ્વેલરી વ્યાજબી ભાવે મળશે
૯૯૫/૯૯૯ સોના/ચાંદીના કોઈન મળશે
દર મહીને રોકાણ કરો જ્વેલરી વગર મજૂરીએ મેળવો*
H. M. SHAH
JEWELLER
THE NAME U TRUST
બોરીવલી (વે)
૬, જૈનમ એન્કલેવ, જાંબલી ગલી, ફોનઃ ૨૮૯૯૪૫૩૭/૨૮૯૯૪૫૩૮, મો. ૮૧૦૪૮૧૦૭૯૬
* શરતો લાગુ


બેંગલૂરુઃ દેશમાં કોરોનાના નવા વૅરિયન્ટ ઓમાઈક્રોનના સૌથી પહેલા નોંધાયેલા બે કેસમાં જેનો સમાવેશ થતો હતો તે બેંગલૂરુસ્થિત ડૉક્ટરનો કોરોના ટૅસ્ટ ફરી પૉઝિટિવ આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઓમાઈક્રોનનો અન્ય એક દરદી સાઉથ આફ્રિકન હતો અને તે વહીવટકર્તાઓને જાણ કર્યા વિના નાસી છૂટ્યો હતો.

જોકે, બાદમાં પોલીસે તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ગુજરાતી મૂળના સાઉથ આફ્રિકનને અહીં ક્વૉરન્ટાઈન કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તે દુબઈ નાસી ગયો હતો.

ઓમાઈક્રોનના સાજા થયેલા દરદી ડૉક્ટરનો કોરોના ટૅસ્ટ ફરી પૉઝિટિવ આવ્યો હોવાનું પાલિકાના અધિકારીએ

(જુઓ પાનું ૨) ▶▶

## યુરોપમાં કોવિડ-૧૯ના ચેપની ટકાવારી બાળકોમાં વધુ

જીનિવાઃ વિશ્વ આરોગ્ય સંસ્થા (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન)ની યુરોપમાંની ઑફિસે મંગળવારે જણાવ્યું હતું કે યુરોપમાં કોવિડ-૧૯ના ચેપની ટકાવારી પાંચથી ૧૪ વર્ષના વયજૂથનાં બાળકોમાં સૌથી વધુ છે.

યુરોપ માટેના વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રાદેશિક ડિરેક્ટર ડૉ. હેન્સ ક્લગે જણાવ્યું હતું કે બાળકોમાં કોવિડ-૧૯નો રોગચાળો ફેલાતો રોકવા માટેનો અંતિમ ઉપાય રસીકરણ જ છે.

તેમણે જણાવ્યું હતું કે મધ્ય એશિયા સુધીના ૫૩ દેશમાં છેલ્લા બે મહિના દરમિયાન કોવિડ-૧૯થી મરનારા દરદીઓની સંખ્યા બમણાથી વધુ ગઇ છે.

ડૉ. હેન્સ ક્લગે જણાવ્યું હતું કે યુરોપના ૨૧

(જુઓ પાનું ૨) ▶▶

## ઓમાઈક્રોન મુદ્દે સરકાર સતર્ક

નવી દિલ્હીઃ ટેસ્ટ - ટ્રેક - ટ્રીટ વ્યૂહરચના અપનાવીને, માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનો અમલ કરાવીને, વૅક્સિનેશનનું પ્રમાણ વધારીને કોરોના વાઈરસ મહામારી પર કાબૂ મેળવવામાં આવશે તેવું સરકારે રાજ્યસભામાં મંગળવારે જણાવ્યું હતું.

દેશમાં કોવિડ-૧૯ના કેસની પરિસ્થિતિ પર સરકાર સતત નજર રાખી રહી છે તેવું રાજ્ય કક્ષાના આરોગ્ય પ્રધાન ભારતી પવારે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું.એસએઆરએસ - સીઓવી-ટૂના નવા વૅરિયન્ટના ટ્રેકિંગ અને જિનોમિક સિક્વન્સિંગ માટે કેન્દ્ર સરકારે ઈન્ડિયન એસએઆરએસ - સીઓવી-ટૂ જિનોમિક સર્વીલેન્સ કન્સોર્ટિયમ ઊભું કર્યું છે તેવું તેમણે કહ્યું હતું.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૫૦થી વધુ એડવાઈઝરી, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરની વિગતો મોકલવામાં આવી છે અને યોજના - ઉપાયો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

ટેસ્ટિંગ લેબોરેટરીઝની સંખ્યા વધારવામાં આવી છે જેની સંખ્યા ૧ ડિસેમ્બર સુધીમાં ૩૦૬૨ હતી. પીપીઈ કિટ્સ, એન-૯૫ માસ્ક, વેન્ટિલેટર્સ અને હાઈડ્રોકસીકલોરોક્વિન, રેમડેસિવિર જેવી દવાઓ રાજ્યોને પૂરતા પ્રમાણમાં આપવામાં આવી છે.

ઑક્સિજન સિલિન્ડરો અને ઑક્સિજન કોન્સ્ટનટ્રેટર્સનો પુરવઠો મોકલવામાં આવ્યો છે. ઑક્સિજનનો સ્ટોક પૂરો ન થઈ જાય તેની તકેદારી રાખવા તેમને માર્ગદર્શિકા મોકલવામાં આવી છે. દરેક વિભાગવાર અને હૉસ્પિટલને ઑક્સિજન ઈન્વેન્ટરી મેપિંગ અને તરત જ નવો પૂરવઠો મળે તેવું એડવાન્સ પ્લાનિંગ કરવાની ગાઈડ લાઈન્સ મોકલવામાં આવી છે. ■

## ભાવિ યોજના ઘડી કાઢવા સંયુક્ત કિસાન મોરચાની આજે બેઠક

નવી દિલ્હીઃ સંયુક્ત કિસાન મોરચાએ મંગળવારે કહ્યું હતું કે આંદોલન પાછું ખેંચવા અંગેનો નિર્ણય હજું લેવાયો નથી. બુધવારે બપોરે બે વાગે એસકેએમની બેઠક ફરી થશે એવું ખેડૂત નેતાઓએ કહ્યું હતું. ભારત સરકારે લેખિતમાં દરખાસ્તનો એક મુસદ્દો મોકલ્યો છે તેના કેટલાક મુદ્દાઓ પર સરકાર પાસે સ્પષ્ટીકરણ મંગાવ્યું છે તેવું એસકેએમના નેતાએ કહ્યું હતું.

ખેડૂત નેતા બલબિરસિંહ રાજેવાલે કહ્યું હતું કે સરકારે મોકલેલા પ્રસ્તાવ અંગે ચર્ચા કરી એસકેએમના સભ્યો સમક્ષ તેની રજૂઆત કરવામાં આવી છે.

સરકારના પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું છે કે એમએસપી માટે કાયદેસર ગૅરેન્ટી આપવાની માગણી પર ધ્યાન આપવા કમિટી રચવામાં આવશે અને તેમાં એસકેએમની બહારનાં ખેડૂત સંગઠનો, સરકારી અધિકારીઓ અને રાજ્યના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે.

સરકારના આ પ્રસ્તાવ સામે અમને વાંધો છે. અમારી માગણીના વિરુદ્ધમાં હતી તેવી સમિતિ એમએસપી અંગેની પૅનલનો આરંભથી

(જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તર પ્રદેશમાં વડા પ્રધાને ₹ ૧૦,૦૦૦ કરોડની યોજનાઓનું લોકાર્પણ કર્યું

ગોરખપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગોરખપુરમાં એઈમ્સ હૉસ્પિટલ અને ખાતરના કારખાનાનું ઉદ્‌ઘાટન કરી પૂર્વાંચલને ફરી એકવાર ભેટ આપી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રૂ. ૧૦,૦૦૦ કરોડની યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું.

કોઈનું પણ નામ લીધા વિના સમાજવાદી પક્ષ પર નિશાન સાધતા મોદીએ કહ્યું હતું કે લાલ ટોપીવાળા ઉત્તર પ્રદેશ માટે રેડ ઍલર્ટ છે.

સમાજવાદી પક્ષને માત્ર લાલબત્તી માટે સત્તા જોઈએ છે.

સમગ્ર ઉત્તર પ્રદેશ જાણે છે કે લાલ ટોપીવાળાઓને માત્ર

(જુઓ પાનું ૨) ▶▶

## નાગાલેન્ડે હોર્નબિલ ઉત્સવ રદ કર્યો

કોહિમાઃ ખોટી ઓળખને કારણે સુરક્ષા દળોથી થયેલા ફાયરિંગમાં માર્યા ગયેલા નાગરિકોના શોકમાં નાગાલેન્ડના મુખ્ય પ્રધાન નેઈફીયુ રિઓએ ઉજવાઈ રહેલો હોર્નબિલ ઉત્સવ રદ કરવાની મંગળવારે જાહેરાત કરી હતી.

રાજ્ય પ્રધાનમંડળે આફસ્પા રદ કરવાની મંગળવારે માગણી કરી હતી. આફસ્પા રદ કરવાની માગણીનો પડઘો લોકસભામાં પણ પડ્યો હતો. નેશનલ પીપલ્સ પાર્ટીના સાંસદ અને યુપીએ સરકારના ભૂતપૂર્વ પ્રધાન અગાથા સંગમાએ આ કાયદાને કઠોર લેખાવ્યો હતો.

સુરક્ષા દળ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૪ નાગરિકનાં મોત નીપજ્યાં હોવાને મામલે નાગાલેન્ડમાં રમખાણો ફાટી નીકળ્યા

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા રાજદ્વારી બહિષ્કાર કરશે બીજિંગ શિયાળુ ઑલિમ્પિક્સનો

વૉશિંગ્ટનઃ અમેરિકાએ ચીનમાં માનવઅધિકારના થતાં ભંગના વિરોધમાં બીજિંગની શિયાળુ ઑલિમ્પિક્સનો રાજદ્વારી બહિષ્કાર કરવાની ચીમકી આપી હતી.

દરમિયાન, ચીને આક્ષેપ કર્યો હતો કે અમેરિકા શિયાળુ ઑલિમ્પિક્સનો રાજદ્વારી બહિષ્કાર કરીને ‘ઑલિમ્પિક સ્પિરિટ’ને તોડી રહ્યું છે. વાઇટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી જેન પ્સાકીએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## નિવાસી ડૉક્ટરોની હડતાલ બીજા દિવસમાં પ્રવેશી

નવી દિલ્હીઃ એનઈઈટી-પીજી ૨૦૨૧ની વાટાઘાટમાં થયેલા વિલંબને મામલે ચાલી રહેલી રાષ્ટ્રવ્યાપી આંદોલનના ભાગરૂપ મંગળવારે સતત બીજે દિવસે નિવાસી ડૉક્ટરોએ નિયમિત સેવાનો બહિષ્કાર કરતા દિલ્હી સહિત દેશભરની સરકારી હૉસ્પિટલોની બહાર લાંબી લાઈન લાગી હતી.

વરિષ્ઠ ડૉક્ટરોએ દરદીઓ અને વ્યવસ્થા પર ધ્યાન આપ્યું હોવા

(જુઓ પાનું ૨) ▶▶





